જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/03/૨૦૨૩  શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં. ૪૫૯/૨૦૨૩**

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## જાતીય શોષણ અંગેના ગુનાના આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.કે.ખાચર નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા અજયકુમાર બાબુલાલ સોલંકી ઉ.વ.૩૮ રહે- બી/૧૦૨, ગ્રીનઓરા ફ્લેટ કે.બી.રોયલ ફ્લેટની બાજુમાં, આઇ.ઓ.સી રોડ ચાંદખેડા, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૧૨૩૦૦૪૦/૨૦૨૩ ઈપીકો ૩૫૪(ક) તથા પોક્સો એક્ટ કલમ ૭, ૮ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૨૪૭ /૨૦૨૩ તા.૧૬/03/૨૦૨૩ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૬/03/૨૦૨૩ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ, પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## રાણીપ પોલીસ સ્ટેશન (૧)

## શરીર સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મેહરબાન પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અમદાવદ શહેરમાં અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુદ્ધ અટકાયતી પગલાં લેવા તથા અસામાજીક પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને અગાઉ (૧)સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૫૨૨૨૦૯૮૧ /૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૨૫,૪૪૭,૨૯૪(ખ),૫૦૬(૨), ૪૨૭,૧૪૩, ૧૪૪,૧૪૬,૧૪૭,૧૪૮,૧૪૯ મુજબ તથા (૨) રાણીપ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૨૦૬૭૬/૨૦૨૨ ધી ઇ.પીકો. કલમ ૩૨૪,૨૯૪(ખ),૫૦૬(૨),૧૪૩,૧૪૪,૧૪૮,૧૪૯ તથા જી.પી એક્ટની કલમ ૧૩૫(૧) તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩(૧)(આર)(એસ) મુજબના શરીર સબંધી ગુનાના કામે પકડાયેલ આરોપી જયેશ રઘુભાઇ દેસાઇ ઉં.વ.૨૪ ધંધો-ડ્રાઇવર રહે.મકાન નં ૧૮૬/૦૫ ચાણક્યપુરી ઘાટલોડીયા અમદાવાદ શહેર મૂળ વતન:ગામ-વાસણપુરા, તા.લાખણી જી.બનાસકાંઠાનાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૫૦/૨૦૨૨ તા.૧૬/૦૩/૨૦૨૩ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૧૬/૦૩/૨૦૨૩ ના કલાક ૨૧/૦૦. વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા ભુજ જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## કામગીરી કરનાર કર્મચારી

(૧) અ..કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧
(૨) અ.લો.ર.શૈલેષકુમાર મહાદેવભાઇ બ.નં.૯૭૫૪
(૩) અ.પો.કો.નાગજીભાઇ હરીભાઇ બ.નં.૧૨૧૩૩



## રાણીપ પોલીસ સ્ટેશન (૨)

# શરીર સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મેહરબાન પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અમદાવદ શહેરમાં અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુદ્ધ અટકાયતી પગલાં લેવા તથા અસામાજીક પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને અગાઉ (૧)વાસણા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૬૬૨૨૦૮૨૭/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૦૬,૫૦૬(૨),૨૯૪(ખ),૧૧૪,તથા ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ ની કલમ ૪૨(ડી) તથા એટ્રોસીટી એક્ટ ની કલમ ૩(૧)(આર)(એસ),૩(૨)(૫),૩(૨)(૫-અ) મુજબ તથા (૨) રાણીપ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૨૦૬૭૬/૨૦૨૨ ધી ઇ.પીકો. કલમ ૩૨૪,૨૯૪(ખ),૫૦૬(૨),૧૪૩,૧૪૪,૧૪૮,૧૪૯ તથા જી.પી એક્ટની કલમ ૧૩૫(૧) તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩(૧)(આર)(એસ) મુજબના શરીર સબંધી ગુનાના કામે પકડાયેલ આરોપી મહેશ ઇશ્વરભાઇ દેસાઇ ઉં.વ.૩૫ ધંધો-રીક્ષા ડ્રાઇવર રહે.મકાન નં એ/૦૩ ભાનુરામ સોસાયટી રેડીયો મીર્ચી ટાવર ની પાછળ વેજલપુર અમદાવાદ શહેર મૂળ વતન:ગામ-સંડેર રબારીવાસ તા.જી.પાટણ નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૫૨/૨૦૨૨ તા.૧૭/૦૩/૨૦૨૩ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૧૭/૦૩/૨૦૨૩ ના કલાક ૧૩/૩૦. વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા ભુજ જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧
(૨) અ.લો.ર.શૈલેષકુમાર મહાદેવભાઇ બ.નં.૯૭૫૪
(૩) અ.પો.કો.નાગજીભાઇ હરીભાઇ બ.નં.૧૨૧૩૩



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૬૦/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૬૧/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૬૨/૨૦૨૩**

**ઓઢવઃ** સુરેશભાઇ નાગજીભાઇ દેસાઇ (રહે.બાબુભાઈની ચાલી, ભવાનીનગર ટેકરો રબારી વસાહત ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૩/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૬૩/૨૦૨૩**

**શાહીબાગઃ** સુશીલાબહેન વા/ઓ હરીભાઈ મહેતા (ઉ.વ.૭૨)(રહે.શીતગીરી ફ્લેટ મેડિસર્જ હોસ્પિટલની બાજુમાં મીઠાખળી નવરંગપુરા) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૩/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ ઓસવાલ ભવન સામે પ્લેટીનમ હાઈટસની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાં કથા પ્રવચનમાં ગયા હતા ત્યારે પરત ઘરે જવા સારૂ મંડપના ગેટ પાસે આવ્યા હતા દરમ્યાન ભીડમાં અજાણી વ્યક્તિએ નજર ચુકવી સુશીલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- તેમજ સુશીલાબહેનની જેઠાણી જયોત્સનાબહેન વાઘજીભાઈ મહેતા (ઉ.વ.૭૮) નાઓના ગળામાંથી પણ સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પારેખ ચલાવે છે.

**<u>સોનાની મગમાળા ખેંચી તોડી લઇ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૪/૨૦૨૩</u>**

**નરોડાઃ** પ્રિયાસીંગ વા/ઓ કુલદીપસીંગ સીંગ (ઉ.વ.૨૮)(રહે.શ્યામકુટીર-૧, ૧૦૮ ની બાજુમાં નરોડા) તા.૧૫/03/૨૦૨3 રાતના ૧૦/30 વાગ્યાના સુમારે નરોડા એસ.પી.રીંગ રોડ લક્ષ્મી સ્કાય સીટી સામે સરદાર પાર્ટી પ્લોટની નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ પ્રિયાસીંગના ગળામાંથી સોનાનુ ડોકીયુ કિમત રૂપિયા 30,000/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ પ્રિયાસીંગ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**<u>ભુલથી ઝેરી પ્રવાહી પી લેતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૫/૨૦૨૩</u>**

**એરપોર્ટઃ** રાનીબહેન શિવાભાઇ દંતાણી (ઉ.વ.૧૮)(રહે. કમ્ફર્ટ હોટલની બાજુમાં એરપોર્ટ છાપરાં સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/03/૨૦૨3 કલાક ૧૧/૩૫ વાગે પોતાના ઘરે જીરા સોડાની બોટલ સમજી ભુલથી અન્ય બોટલમાંથી ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૭/00 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.કૃણપરા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૬/૨૦૨૩</u>**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** ધિરેનભાઇ કનૈયાલાલ વ્યાસ (ઉ.વ.૪૯)(રહે.ગ્રિનપોર્ટ સોસાયટી કિર્તીધામ સામે વાવોલ ગાંધીનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/0૨/૨૦૨3 કલાક ૯/૪૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ ગાર્ડન ગેટ નંબર-3 પાછળ વોક-વે ઘાટ નંબર-૫ નાજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિંહ બહાદુરસિંહ ચલાવે છે.

**ઓઢવઃ** અંજલી ડો/ઓ મહેન્દ્રભાઇ સોલંકી (ઉ.વ.૧૫)(રહે.કમલેશપાર્ક સોસાયટી વિભાગ-3 મહેશ્વરી સોસાયટી પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૬/03/૨૦૨3 સવારના ૯/00 થી ૧૦/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતભાઇ નટવરભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** ઉઝમાં ડૉ/ઓ મો.ઉમર શેખ (ઉ.વ ૧૭) (રહે. શાહઆલમનગર ગેટ નંબર-3 ની બાજુમાં આલા હજરત મસ્જીદ પાસે બેરલ માર્કેટ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૬/03/૨૦૨3 બપોરના 3/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સોહાબખાન અઝિઝખાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી